
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૪૪ • તા.૧૧ ફેબ્રુઆરી થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# શ્રી સાંધવ નગરે અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# પરિવારનો પાયો વડીલ

પરિવાર નાનો હોય કે મોટો હોય. પણ, પરિવારના સભ્યો નો તાલમેલ, એકબીજા પર વિશ્વાસ અને એકમેક પર સ્નેહ અગાધ હોવો જરૂરી છે. વિચારો ભલે એકમેકથી ભિન્ન હોય, મતભેદ પણ ભલે હોય પણ મનભેદ ન હોવા જોઈએ. પ્રેમ અને લાગણી, વડીલો પ્રત્યે અખૂટ આદર, તેમનો મરતબો જાળવવો એ પરિવારની એક એક ઈંટને જોડતી સાંકળ છે. જે પરિવારને કદી વિખરેવા નથી દેતી.

બહુધા એવું બનતું હોય છે કે યુવાન સભ્યો પોતાની ભૂલ વડીલોથી છુપાવે છે જેની ભૂલ હોય એને ડર હોય છે કે મોટાઓને ઘરમાં ખબર પડી જશે તો મોટી બબાલ થશે. તેમનો ઠપકો સહન કરવો પડશે. ભૂલ છતી થવાના ડરથી પરિવારના સૌની નારાજગી સહન કરવી પડશે નો ગભરાટ હોય. જ્યાં કંઈ ખોટું થયું હોય તેને લીધે પરિવારની નારાજગી ચોક્કસ હોય પણ એ નારાજગી ટૂંક સમયની હોય છે. આવી નારાજગી સંતાનને પોતાની જવાબદારી સમજાવવાની હોય છે. આ નારાજગીમાં બાળકને દુઃખ પહોંચાડવાની કે કોઈ ઈજા, જખમ કે તેનું અપમાન કરવાનો ઈરાદો નથી હોતો. એટલે બાળક નાનો હોય કે યુવા વયનો કે એથી મોટો. પરિવારથી સચ્ચાઈ છુપાવવામાં સમજદારી નથી. કારણ કે ઘણીવાર પોતાના સ્વજનોથી છુપાયેલ ભૂલથી વ્યક્તિ ઊંધે રસ્તે ચડી જાય છે. સારા માર્ગેથી અવળો વળી ખરાબ મારગે ભટકી જાય છે. ઘરની બહાર કોઈના સાંનિધ્યની કે પ્રેમને હૂંફની ભૂખને લીધે ગેરમાર્ગે સંગતે ચડી જાય છે. ખોટી આદતોની રવાડે વળી જાય છે. જે આખરે પતનની ખાણ સાબિત થાય છે. આવા સંતાનો સમજી લે કે પોતાના સ્વજન નિઃસ્વાર્થ ભાવે નારાજ થાય છે. તેમની નારાજગી પરપ્રીત બતાવતી વ્યક્તિઓ કરતાં હજાર ગણી પાવન હોય છે. ભૂલોમાંથી યોગ્યને સાચા માર્ગે દોરનારી હોય છે.

વડીલોના દરેક બોલ, દરેક વ્યવહાર સંતાનોના હિતકર માટે હોય છે. જ્યાં સાચો અને નિર્દોષ પ્રેમ હોય ત્યાં હકથી નારાજગી પણ દર્શાવાય છે. એનો એ મતલબ નથી કે દરેક દવા મીઠી શરબત જેવી હોય. પ્રેમનો મતલબ એ નથી કે દરેક વખતે મીઠા મધુર બોલ જ બોલાય. વડીલો સંતાનોના શ્રેય માટે તેને સુધારવા માટે વઢે છે. તો વહાલ પણ કરે છે. વડીલોની જવાબદારી દરેક સભ્યોને એક તાંતણે જોડી રાખવાની હોય છે. કોઈ નરમ સ્વભાવનો હોય, કોઈ ગરમ મિજાજના, કોઈ ગભરુ હોય, ડરપોક તો કોઈ, હિંમતવાન, કોઈ શાંત સ્વભાવનો હોય તો કોઈ ઉગ્ર મિજાજનો. દરેકનું મહત્વ, તેના મનોવલણને સમજી દરેકને જોડી રાખવાની કુનેહ ભરી જવાબદારી બજાવવાની હોય છે. આવી પ્રત્યેક પળોમાં તેમની કસોટી થાય છે. આમાં નાના મોટાનો સાથ, સહયોગ અને સબળ ટેકો મળે તો આખરે પરિવાર મજબૂતને સશક્ત થાય છે.

અગાઉના સંયુક્ત કુટુંબ વિખરાઈ વિભક્ત થઈ ગયા છે, થતાં જાય છે. સંયુક્ત કુટુંબનો ફાયદો એ થતો કે એમાં દરેક સ્વભાલવના, દરેક પ્રકૃતિના સભ્યો નભી જતાં. વડીલોની મુત્સદ્દીગીરી પરિવારને જોડી રાખવામાં મોટો ભાગ ભજવતી હતી. અગાઉ ભણતર ઓછું પણ ગણતર વધુ હતું જેને લીધે વડીલો દીર્ઘ વિઝન ધરાવતા હતા જેને લીધે પરિવાર અતૂટ, અખંડ અને દરેક રીતે ઉન્નત રહેતા હતા.

– જ્ઞાતિમૈયા

# સુખ અને દુઃખ કાયમી નથી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં દુઃખ આવે, કષ્ટ પડે ત્યારે ભગવાનનું સ્મરણ કરવાનું યાદ આવે. આમ જોઈએ તો જીવનના બે અંતિમો પર પ્રભુ યાદ આવે છે. એક દુઃખમાં અને એક અતિ સુખમાં. સુખ હોય ત્યારે અજ્ઞાત ભય તેને સતાવતા હોય છે કે આ સુખ ચાલ્યું તો નહીં જાય ને. એ ભીતિ મનમાં સતત રહ્યાં કરે છે. આમ સુખની અવસ્થા પણ એક યા બીજી રીતે ચિંતા અને અંજપો લઈને આવે છે. ધન, દૌલત, ઐશ્વર્યનો વૈભવ પણ સુખ સગવડના સાધનો સંયમ ન હોય તો સુખ આપે છે તેના કરતાં વધુ દુઃખ આપણને આપે છે. આભાસી સુખો ભોગવતાં દુઃખની છાયા દેખાતી નથી. કૃત્રિમ સુખો જેટલા વધુ તેટલો ભય વધુ, તેટલી ચિંતા વધુ. સુખમાં સૌ કોઈ મિત્ર બનવા ઈચ્છે છે પણ દુઃખમાં કોઈ સાથ આપવા ઈચ્છતું નથી. હકીકતમાં સુખમાં પ્રભુનું સતત સ્મરણ થવું જોઈએ. સુખમાં શાંતિ અને સ્થિરતાની વધુ જરૂર હોય છે.

માણસ જ્યારે દુઃખના ડુંગરો નીચે કચડાઈ જાય છે ત્યારે પ્રભુને યાદ કરવા બેસે છે કે હે પરમાત્મા તું મને આમાંથી ઉગારી લે. માનવી પ્રભુને પ્રાર્થના કરે છે અને ભક્તિ કરે છે એ શરતી હોય છે. પ્રભુ, તું મને મારા સંકટમાંથી ઉગારી હું તને બે કે પાંચ શ્રીફળ ધરાવીશ. ઉપવાસ વ્રત કરીશ. પાદત્રાણ પહેર્યા વગર તારા દર્શને આવીશ. આમ દુઃખ હટે અને સુખ, શાંતિ મળે એ માટે બે હાથ ફેલાવીને ભગવાન સમક્ષ ઊભો રહે છે.

ખરૂં પૂછો તો ભક્તિ અને પ્રાર્થના તો કોઈ પણ જાતની અપેક્ષા, સ્વાર્થ વગરની હોવી જોઈએ. નિઃસ્વાર્થ ભાવે પ્રભુને સમર્પિત થઈ જાય અને સત્ય સદાચારના માર્ગે ચાલે તો જીવનમાં સુખ મળવાનું છે. સુખને આપણે સાધનો સાથે જકડી રાખ્યું છે. અંતરના આનંદ સાથે નહીં. જેના કારણે માણસોના ચહેરાઓ મૂરઝાઈ જાય છે. સુખ મળ્યાં છતાં અંતરમાં સાચો આનંદ ઉલ્લાસ રહ્યો નથી. ગમે તે માર્ગે ગમે તે સાધનો દ્વારા જે કાંઈ મળે તે મેળવી લેવું અને માણી લેવું એ લક્ષ્ય બની ગયું છે. કોઈ પણ છોડવું નથી અને જે છોડે છે એમાં પણ અપેક્ષા રાખે છે. વ્રતો અને માનતાઓ રાખવા પાછળ કંઈક મેળવવાનો આશય હોય છે. અપેક્ષા કરતાં ઓછું મળ્યું, કંઈક ઉતરતું મળ્યું તો કરેલ સંકલ્પમાં છટકબારી શોધવાનો પ્રયાસ કરે છે. આમ પ્રભુની સમક્ષ પણ ચાલબાજી કરી પોતાનો બચાવ કરે છે.

અહીં કશું કાયમી નથી સુખ કે દુઃખ ઝાકળ બુંદની જેમ જે મળે છે એ કદીક તો હાથમાંથી નીકળી જવાનું છે. ભૂખ લાગી હોય ત્યારે ભોજન સારું લાગે પણ પેટ ભરેલું હોય ત્યારે સામે આવેલ ભોજનનો થાળ અકારૂં લાગે. ભીડ પડે ત્યારે ભક્તિ સૂઝે એનો કોઈ અર્થ નથી. જીવનમાં સારૂં કામ કરી એ તો દુઃખી થવાનો વારો ન આવે. સમય સુખનો હોય ત્યારે જેટલું ભલાઈનું કામ થઈ શકે તેટલું કરી લેવું જોઈએ. અહીં કશું કાયમી નથી. સારા સમયનો સદુપયોગ કરી લઈએ તો તડકાનો તાપ અને છાંયડાની શીતળતા સ્પર્શતી નથી. સ્વાર્થ અને લોભ, સંચય અને પરિગ્રહની ભાવના ઓછી થતી જાય તો કશું દુઃખ અને વિટંબણા રહે જ નહીં.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સાંધવ નગરે અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું











કચ્છ અબડાસા નગરના વારાપધ્ધર નગરના નૂતન જિનાલયના ભૂમિપૂજન શિલાન્યાસ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા વિહાર કરતા તા.૭ ફેબ્રુઆરી મંગળવારના દિને સવારે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. શિષ્યગણ સાથે સાંધવ નગરે પધરામણી કરતાં પૂજ્ય સાહેબનું સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ભવ્યાતિ ભવ્ય ઉત્સાહભાવથી સામૈયું કર્યું. પધારેલ સૌ દર્શન વંદનનો લાભ લઈ ધન્ય થયા હતા.





# ARIHANT BANK
**SHRI ARIHANT CO-OP. BANK LTD.**
ACBL Estd. 1984

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

| Loan | Rate |
|---|---|
| HOME LOAN | *7.49% (p.a.) |
| CAR LOAN | *7.49% (p.a.) |
| eAUTO LOAN | *7.49% (p.a.) |
| GOLD LOAN | *7.70% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *7.75% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |
| TRADE LOAN | *8.50% (p.a.) |

* Terms & Conditions Apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



www.arihantbank.com @ ArihantBank

# કેડીઓ મહિલા મંચ ગ્રુપ બડગરા કલીકટની બહેનો તિરૂપુર જિનાલયના દર્શનાર્થે







કેડીઓ મહિલા મંચ ગ્રુપ બડગરા અને કલીકટની બહેનો તા.૬ ફેબ્રુઆરી સોમવારના તિરૂપુરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરના દર્શન, વંદનાર્થે પધારી હતી. તિરૂપુર સંઘ જિનાલયના ટ્રસ્ટી રતિલાલ વેરશી નાગડા, પ્રતાપ હંસરાજ નાગડા તથા રાજીવ બુધ્ધિધન મોમાયા તેમને સહર્ષ આવકાર્યા હતા. રેલવે સ્ટેશનથી લેવા અને છોડવાની વ્યવસ્થા કરી આપી હતી અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર દર્શનાર્થે અને બપોરે સાધર્મિક ભક્તિ અને સાંજે ચો વિહારના લાભાર્થી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા. સંઘપૂજન અને પ્રભાવના પુષ્પાવંતી હંસરાજ નાગડા, રમિલા રતિલાલ નાગડા અને રશ્મિબેન બુધ્ધિધન મોમાયાએ કરી હતી.

મહિલા મંચની સૌ બહેનો ભક્તિ દર્શનનો લાભ પામી અને તિરૂપુર સંઘ દ્વારા કરાયેલ વ્યવસ્થા અને યજમાની બદલ ખુશી વ્યક્ત કરી હતી.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદની પ્રેરણાથી ભાંડુપમાં અનુકંપાદાન કરાયું

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. પ્રેરિત શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ AYUPના પ્રેરણાથી ભાવિનીબેન લોડાયા દ્વારા સ્થાપિત શ્રી ગીતા ફાઉન્ડેશન દ્વારા તા.૬ ફેબ્રુઆરી સોમવારના દિને ભાંડુપ નગરે અનુકંપાદાન કરાયું. ક્ષુધા તૃપ્તિ પામી જરૂરિયાતમંદોની હૈયે હરખની હેલી ચડી હતી.

# વારાપધર નગરના નૂતન જિનાલયના શિલાન્યાસની ખુશાલીમાં ગીતા ફાઉન્ડેશન તરફથી ભુજમાં અનુકંપા દાન કરવામાં આવ્યું

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. પ્રેરિત શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવા પરિષદ AYUPની પ્રેરણાથી ભાવિનીબેન લોડાયા વારાપધ્ધર-મુલુંડ દ્વારા સ્થાપિત શ્રી ગીતા ફાઉન્ડેશન તરફથી તા.૭ ફેબ્રુઆરી મંગળવાર દિને માદરે વતન કચ્છ વારાપધ્ધર નગરે નૂતન જિનાલયના ભૂમિપૂજન શિલાન્યાસ પ્રસંગની ખુશાલીમાં કચ્છ જિલ્લાના પાટનગર ભુજ નગરમાં અનુકંપા દાન કરાયું.

# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા જિનાલયની ૧૧૬મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ભવ્યતાથી થયા





દેવાધિદેવ, શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનનું જિનશાસન જયવંતુ હો! દેવ-ગુરુ-ધર્મની અસીમ કૃપાથી **શ્રી લાલા તીર્થની ૧૧૬ મી ધ્વજારોહણનો લાભ શેઠ શ્રીસૂર્યકાંત હીરજી દંડ દ્વારા લાલા તથા રાણપર ગામની નિયાંણી બહેનો ને અપાયો હતો.** ત્રિહાન્હિકા ધ્વજારોહણ મહોત્સવ **વિક્રમ સંવત ૨૦૭૯, મહા સુદ - ત્રીજ સોમવાર, તા. ૨૩ જાન્યુઆરીથી મહા સુદ-પાંચમ (વસંત પંચમી) બુધવાર, તા. ૨૫ જાન્યુઆરી** દરમ્યાન સફળતાપૂર્વક અને સુખદ રીતે સંપન્ન થયો. સંપૂર્ણ ધ્વજારોહણ નો સફળતાનો શ્રેય:

- દેવાધિદેવ, શ્રી લાલા તીર્થમંડન, શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનની અસીમ કૃપાથી અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. અને પ.પૂ. સાધ્વી શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા (ઉગ્ર વિહાર કરી ને પધારેલ)









# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા જિનાલયની ૧૧કમી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ભવ્યતાથી થયા





નિશ્રામાં ઉદારદિલ, દાનની ગંગા વહેતાં કરનારા, સતત અમારી પડખે રહી ખભેથી ખભો મિલાવીને દરેક વ્યવસ્થામાં સુંદર સહયોગ આપનારા, ધ્વજારોહણના લાભાર્થી શ્રી લાલા ગામ તથા રાણપર ગામની નિયાંણી બહેનો તથા ગામ વાસીઓ.

● તા.૨૩ જાન્યુઆરીના ભારત વર્ષ માંથી પધારેલ ગામવાસીઓ તથા નિયાંણી બહેનો તથા મહેમાનોનું સ્વાગત ઢોલ શરણાઈથી કરવામાં આવ્યું. ● બપોરે પાર્શ્વ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. અને પછી નિયાંણી બહેનોનો મેળાવડાનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. રાત્રે મહાકાળી માતાજીની ભક્તિ ભાવના (માતૃશ્રી લક્ષ્મીબેન મૂલજી ભિયશી લાલકા પરિવાર લાભ લીધો હતો) રાખવામાં આવેલ જેમાં ગામના કલાકાર. શ્રી હંસકુમાર મૈશેરી, શાંતિલાલ મૈશેરી, હિરાચંદ મૈશેરી, રાજેશ મૈશેરી, રાજુ મોમાયા, તથા અશ્વિન લોડાયા એ સારી રમઝટ જમાવી હતી. ● ૨૪ જાન્યુઆરીના









# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા જિનાલયની ૧૧કમી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ભવ્યતાથી થયા





દિવસે સવાર ના તકતી અનાવરણ રાખવા આવ્યું હતું.જેમાં અતિથિ ગ્રહ, ભોજનશાળા, પૂજારીજીનો રૂમ, સર્વે દાતાશ્રીઓ દ્વારા વાજતે ગાજતે તકતી નુ અનાવરણ કરવામાં આવ્યું. ● ૧૮ અભિષેક ના પૂજન  સાધુ તથા સાધ્વીજી મ.સા. ની નિશ્રામાં સંગીતમય તથા રમણીય સુરો સાથે દાદાની સરસ ભક્તિ તથા ૧૮ અભિષેક કરવામાં આવ્યા.

સૂર્યદર્શન લાભઃ શ્રીમાન રાજેન્દ્ર નારણજી દંડ ડોંબિવલી. ચંદ્રદર્શનનો લાભ : માતુશ્રી લક્ષ્મી બેન મૂલજી લાલકા અમદાવાદ શાંતિ કળશ લાભઃ શ્રીમાન રાજેન્દ્ર નારણજી દંડ, ડોબિવલી. ૧૮ અભિષેકના દિવસે લાડુની પ્રભાવના માતૃશ્રી નિર્મલા બેન કુંવરજી  લાલકા તરફથી કરવા આવેલ. ● કુમારપાળ રાજાની આરતીનો લાભ શ્રી તિલેશભાઈ શાંતિલાલ મૈશેરી પરિવારએ લીધો હતો જેઓ ગૃહસ્થાનથી વાજતે ગાજતે તેમજ આંગીના લાભાર્થી પરિવારો સહ સકળસંઘ સાથે દેરાસરમાં પધાર્યા.









# શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ દ્વારા જિનાલયની ૧૧૬મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ભવ્યતાથી થયા







● સાંજના ૨ ડિગ્રી ઠંડીમાં ૩૫૦ ની ઉપર સંખ્યાની ઉપસ્થિતિમાં સંગીતના સુરોથી પ્રભુજી ભક્તિ કરી હતી. ● સાંસ્કૃતિક કાર્યક્રમમાં કચ્છી નૃત્ય તથા સંગીત કલા બહુ જ સુંદર કાર્યક્રમ નિયાણી બહેનોએ રજૂ કર્યું હતું ● મહોત્સવના અંતિમ દિવસે સત્તર ભેદી પૂજા ધામધૂમથી ભણાવવામાં આવી. ● શાંતિ કળશ નો લાભ : માતુશ્રી જવેરીબેન મૂલજી મૈશેરી ● ધજા મહોત્સવ ના સંપૂર્ણ દિવસ ના લાભાર્થી લાલા તથા રાણપર ગામની નિયાંણીઓ અને તેમના દ્વારા ધજા પ્રસંગે પેંડા ની પ્રભાવના રાખવામાં આવેલ તેમજ ચીઠી દ્વારા પાંચ લકી નિયાંણીઓ ને દાદા ની ધજા નો અવસર પ્રાપ્ત થયો. ● સાધારણ ખાતામાં રૂ.૨૫૦૦૦ રૂપિયામાં ૨૩ દાતાના નામ કાયમી તકતી માં ફક્ત દસ મિનિટમાં આવ્યા હતા. પ્રભુજી માટે સુંદર આંગી નિયાંણી બહેનો એ અર્પણ કરી. ● પ્રભુજી માટે દાતાશ્રી સુવર્ણ તથા ચાંદી તથા હીરા આભૂષણ ની ભેટ આપી હતી. ● સંઘ પૂજન માં પણ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો ● સહ ગગને ધ્વજારોહણ વિધાન કરાવનાર વિધિકાર શ્રી સાગરભાઈ કરી હતી ● ૧૧૬ મી ધજા ત્રિહાન્હિકા મહોત્સવની યાદગીરીમાં નિયાણી બહેનોને લાલા મહાજન તરફથી ભેટ આપવામાં આવી હતી ● પ્રભુ વીરની ભક્તિમાં હૃદયના ભાવથી વહેતાં કરનારા સુંદર સંગીતમય સૂરાવલિ સાથે વિવિધ ભક્તિગીતોનો રસથાળ પીરસનારા કચ્છના લોકલાડીલા સંગીતકાર શ્રી કિશોરભાઇ સંઘાર અને સાથી કલાકારોનો સાથ મળ્યો હતો. ● ચક્રવર્તી મહારાજા ભરત ભોજનખંડ, વિશ્રામ સ્થળ, પ્રવેશદ્વાર વગેરે માટે સુંદર મંડપ રચના તેમજ આવવા-જવાના માર્ગો ઉપર બેનરની સુંદર વ્યવસ્થાઓ કરવા માં આવી હતી. ● ગર્ભગૃહ, રંગમંડપ, સંપૂર્ણ જિનાલયને નયનરમ્ય ફૂલોથી સજાવા માં આવ્યું હતું. જિનાલય સજાવટ કરણ લાલકા (કોટડા રોહા) એ કરી હતી ● પધારનારા સર્વે મોંઘેરા મહેમાનો અને અમારા વિનંતીને માન આપી પધારનારા સાધર્મિકો અને જૈનેત્તરો તમામને સુંદર સ્વાગત ઢોલ-શરણાઇના સથવારે કરી શરીરને ડોલાયમાન કરનારા ઉસ્તાદ લંગા ઓસા અને સાથી કલાકારો (પરજાઉ) હતા. ● ભાવતા ભોજન પીરસનારા પ્રતીક કેટરર્સ શ્રી તિલકભાઈ (જખૌ) અને તેમની સંપૂર્ણ રસોઇ ટીમનો અને પીરસવા માટે યુવાન ગામના દીકરાઓ તથા દીકરીઓ સ્મિથ મૈશેરી, કુંજ મૈશેરી, દીપ મોમાયા, જેનિલ મોમાયા, ભવ્ય મોમાયા, ભોજન ખંડની પૂરી વ્યવસ્થા શ્રી શાંતિલાલ ભાઈ તથા ગીરીશભાઈ મોમાયા એ ઉપાડી હતી. મહોત્સવની શરૂઆત પૂર્વે અને સુખદ પૂર્ણાહુતિ સુધી સંપૂર્ણ આયોજનની સુંદર જવાબદારી ઉપાડનારા ટ્રસ્ટી ગણ તથા ધજા મહોત્સવ સમિતિ એ કરી હતી. અને આખા ત્રણ દિવસ નું કાર્યક્રમ સંચાલન રાજેશ મોમાયા એ કર્યું હતું. ● ત્રિહાન્હિકા મહોત્સવમાં સમિતિ રચના કરી સુંદર માર્ગદર્શન અને સફળતાના સુકાની અને કર્તવ્યનિષ્ઠ સેવા કાર્યકરો, નામના કે પ્રતિષ્ઠાની અપેક્ષા વગર ખડેપગે સેવા આપી હતી ● યાત્રિકોની સુંદર વૈયાવચ્ચ અને અતિથિભવને સુંદર ઉતારાની સગવડ માટે તત્પર એવા **શ્રી સુથરી તીર્થ, શ્રી પરજાઉ તીર્થ, શ્રી જખૌ તીર્થ, શ્રી જસાપર તીર્થ**નો આભાર. ● સુંદર ફોટોગ્રાફી તથા વિડીયો શુટીંગ વૃષભ નાગડા કરી હતી. ● વાહન વ્યવહાર અને સુંદર વ્યવસ્થા તેમજ ટ્રાન્સપોર્ટની જવાબદારી સંભાળનારા સારથી હતા. ધીરેન લોડાયા (ભુજ) ● ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય પ્રચારક અને પ્રસારક લાલા સમગ્ર વોટસએપ ગ્રુપ, જ્ઞાતિમૈયા,શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી ગણ આ યાદગાર ઓચ્છવને સ્મરણીય બનાવવા સાથ આપનાર લાભાર્થી પરિવારો નિયાંણી બહેનો ભક્તિ આરાધના કરનાર કલાકારો, સંગીતકારો અને પધારી અવસરની શોભા વધારનાર સૌનો આભાર વ્યક્ત કરે છે.

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



ગામ : તેરા

ઉં.વ. : ૭૮

હાલ : ડોંબીવલી

અરિહંતશરણ

તા. : ૦૯-૦૨-૨૦૨૩

## શ્રી રમેશભાઈ જેતશી ધુલ્લા

તેરા ગામના હાલ ડોંબીવલી નિવાસી **શ્રી રમેશભાઈ જેતશી ધુલ્લા** ઉં. વ. ૭૮ તા. ૦૯-૦૨-૨૦૨૩ના થયેલ અવસાનના સમાચાર જાણી અમો સહુ શ્રી તેકુલાધુ પરિવાર દુ:ખ અનુભવીએ છીએ.

શ્રેષ્ઠીવર્ય **શ્રી રમેશભાઈ, શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ-મુંબઈ**ના સક્રીય અને મુક કાર્યકર તથા સંઘ સ્થાપક સભ્ય હતા, જે બધા સભ્યોને જીવનભર યાદ રહેશે. શ્રી સંઘને એમની ખોટ હંમેશા રહેશે.

શ્રી રમેશભાઈનું જીવન અમારી પ્રેરણા છે, તેમના આદર્શો અમારા માર્ગદર્શન છે. અમે તમારા સરળ જીવન અને શાલીનતા ક્યારે ભુલાઈ ના શકે અને તમારા અધુરા રહેલા કાર્યો પુર્ણ કરવાનું અમને પીઠબળ આપે.

**શ્રી રમેશભાઈ**ના પરિવાર પર આવી પડેલ આ દુ:ખની ઘડીમાં અમો સાંત્વના પાઠવીએ છીએ અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે તેમને આ આઘાત સહન કરવાની શક્તિ આપે.

**શ્રી રમેશભાઈ**ના પવિત્ર આત્માને શાંતિ મળે તેજ પ્રાર્થના અને શ્રધ્ધાંજલી.

### લિ. શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

પદાધીકારીઓ વતી ચિરાગ રજનીકાંત નાગડા (પ્રમુખ)

# જયંત છેડાના પત્રકારત્વ સાહસ ગુર્જરમાતને પચ્ચીસ વર્ષ પૂર્ણ થયા





૧૯૯૮માં સ્ટેશનરી ડાયરીના વ્યવસાયમાં ખૂંપેલા નલિયાના જયંત વિશનજી છેડા અનાયાસે પત્રકારત્વ લાઈનમાં પ્રવેશયા અને તેમની કર્મભૂમિ મુલુંડમાંથી મુલુંડ ટાઈમ્સ નામે દર બુધવારે અખબાર પ્રકાશિત કરવાનું સાહસ કર્યું. તે બાદ ચાર માસ પછી ન્યૂઝ પેપર્સ ઓથોરિઝ નવી દિલ્હીમાંથી રજીસ્ટ્રેશન થયેલ ટાઈટલ ગુર્જરમાતને નામ રૂપાંતરિત કરાયું જે આજ દિવસ અવિરત પ્રગટ થાય છે. ગુર્જરમાતને પચીસ વર્ષ પૂરાં થયા તેની ઉજવણીનો ગીત સંગીત મહેફિલનો કાર્યક્રમ એક શામ ગુર્જરમાત કે નામથી તા.૧૦ ફેબ્રુઆરી શુક્રવાર રાત્રે ૯ કલાકે મુલુંડના મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમમાં ગુર્જરમાત ફન કલનબા હીરાલાલ મૃગ અને પ્રકાશ ચંદેના આયોજનથી યોજાયો. જેમાં મુખ્ય અતિથિ સાંસદ મનોજ કોટક અને મુખ્ય વક્તા કવિ, સાહિત્યકાર સંચાલક શોભિત દેસાઈ હતા. સંચાલન હીના ઠક્કર અને શિલ્પા શાહએ કર્યું હતું. આ કાર્યક્રમના સહયોગી ભંકસગ્રુપ હતા. જયંત છેડા દંપતિનું આ પ્રસંગે ભાવભર્યું સન્માન કરાયું હતું.



જયંત છેડા લાયન્સ ક્લબ, હીરા મોઘી હોસ્પિટલ, મુલુંડ જિમખાના, એસ.એમ.પી.આર.સ્કૂલ તેમજ જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓ તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને મીડિયા કમિટીના કન્વીનર તરીકે ઈ-મેગેઝિન વીકલીનું પ્રકાશન સુચારૂ રીતે કરે છે.



# Shree TEKULADHU Jain Yuvak Sangh - Mumbai

## ARIHANT CUP- 2023 HIGHLIGHTS

**Date : 29-01-2023 at BPS Plaza, Mulund (W.)**

**Cup/Trophy Sponsor :**
Shri Devendra Shantilal Dharamshi (Arihant Cars)

**Catering (Hospitality) Sponsor :**
Smt. Jyotiben Narendra Shamji Dand
(Anand Parivar)

**Jersey Sponsor :**
Smt. Nayna Bharat Nagda
(M/s. Bharatshah Petrochemicals P. Ltd.)

**Hi-Tea Sponsor :**
Smt. Chetnaben Lajesh Khona

**Ball Sponsor :**
Kalp Khona
Haste: Heena Hemant Shah
(Niyani Parivar) Winnepeg - Canada

**Water Sponsor :**
Boutique Jewellers
Smt. Zaverben Khona

**Mandap Decoration :**
Panache Fashion Boutique
Haste: Shri Narendra Lalji Khona

**TEAM OWNER'S**

KUVAPADHAR KINGS
Shri Dharmesh Vinod Mota

RASRANJAN RIDERS
Shri Ankit Praful Mota

AN AVENGERS
Smt. Ami Chirag Nagda

RED DEVILS
Smt. Kavita Hemant Dhulla

SAYLA SUPERKINGS
Shri Khiresh Padamshi Sayla

FORTUNE BULLS
Shri Kumar Babubhai Dand













**Event Managed by :**
SPEEDY STROKES
JIGAR NAGDA - 93206 03360

**CHIRAG RAJNIKANT NAGDA - PRESIDENT**

# વારાપધર તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીની નિશ્રામાં જિનાલયના જીર્ણોધ્ધારનું ભૂમિપૂજન ખાત મુહૂર્ત થયું





તા.૯ ફેબ્રુઆરી ગુરૂવારના રોજ કચ્છ અબડાસા વિભાગના વારાપધ્ધર તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાની પાવનકારી નિશ્રામાં જિનાલયના જીર્ણોધ્ધાર નિમિત્તે નૂતન જિનાલયના ભૂમિપૂજન, ખાત મુર્હૂત ભવ્યભાવથી થયું.





# શ્રીમતી પૂનમ ધરમશીને ફિલોસોફીમાં ડોક્ટરેટ પદવી મળી







સુથરી હાલે વાશીના નવી મુંબઈ શ્રી પૂનમ નિલાંજ ભાલચંદ્ર ધરમશીને GHRC ગ્લોબલ હ્યુમન રાઈટસ કાઉન્સિલ તરફથી તેમણે માનવ સંશાધન વિષયકમાં અભ્યાસપૂર્ણ થીસીસ લખેલ તે માટે પીએચડી ડિગ્રી મેળવી છે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

# બાગલકોટમાં ત્રયાન્હિકા મહોત્સવની ઉજવણી





શ્રી વિમલનાથ બાગલકોટ જૈન સંઘ અને બાગલકોટમાં સોની પરિવાર (ગુલાબચંદ સોની) તરફથી વિમલનાથ દાદાની શીતલ છાયામાં ત્રણ દિવસ ત્રયાન્હિકા મહોત્સવ તા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ થી ૧ જાન્યુઆરીની દરમ્યાન ઉજવામાં આવ્યો હતો.

૧૮ અભિષેક, મહાકાલી ભાવના, ભક્તામર પૂજન, બહુમાન પ્રોગ્રામ, ગૌશાળામાં દાન, દાંડિયા રાસ, સિદ્ધચક્ર પૂજન, સ્વામી વાત્સલ્ય, વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા.


# જસાપર તીર્થે જિનાલયનો ૧૪૬મો ધજા મહોત્સવ વિવિધ ધર્મ આરાધના સાથે સંપન્ન થયો




કચ્છના જસાપર તીર્થના જિનાલયનો ૧૪૬મો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.મુનિ શ્રી કંચનસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાની સંગાથે વિવિધ ધર્મ આરાધનાઓ કરી સંપન્ન થયો.




# સંજીવની કેસ નં.૯૭ માટે રૂા.૨.૨૦ લાખની મદદની ટહેલ




૩૪ વર્ષીય શ્રીમતી અલ્પા કુરૂવા ગોધરા-ડોંબિવલીની બંન્ને કિડનીનું ગંભીર સંક્રમણ થયું છે અને મૂત્ર નલિયાકનો માર્ગ અવરોધાયોની તકલીફને કારણે તાત્કાલિક અસરથી હોસ્પિટલાઈઝ કરવા પડ્યા છે. આ બિમારીની સારવારનો ખર્ચ અંદાજિત રૂા.૨.૨૦ લાખ ડોક્ટરો દ્વારા અપાયો છે. જેમાં તાત્કાલિક સ્ટેન્ટ પ્રક્રિયા બેસાડી ઈલાજ કરી શકાશે. તેમની આ અસામાન્ય અને આકસ્મિક પરિસ્થિતિમાં હેમખેમ ઉગારવા મદદ કરી માનવતા દાખવીએ. જેથી તેઓ સ્વસ્થ થઈ સ્વઘરે પરત આવી જાય. આજ સુધીના દરેક સંજીવની કેસોની જેમ આ કેસમાં તાત્કાલિકપણે સહાય પહોંચાડીએ એ રીતે હેત, હૂંફ અને સહાનુભૂતિનો ગુલદસ્તો આપણે આપી શકીએ. સમસ્ત મહાજનને અપાતું અનુદાન ૮૦ જી અંતર્ગત કર છૂટ મેળવવા દાન આપનારએ પૅનકાર્ડ, આધારની પ્રત સાદર કરવી. મોબાઈલ ટ્રાન્સફર કે એનઈએફટી ટ્રાન્સફરની વિગત મો.નં.૭૫૦૬૦૭૦૮૫૧ ઉપર મોકલવી.

# મોટી પંચતીર્થી પ્રવેશ દ્વાર સાંધાણ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.મ.સા.ની પાવન પધરામણીનો ભવ્ય ઉત્સાહ



કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીના પ્રવેશ દ્વારા સમા શ્રી સાંધાણ નગરે પૂજ્ય ગુરૂદેવના શુભ આશીષ અને પ્રેરણાથી શ્રી ગુરૂદેવ મંદિરનું નિર્માણ થયું ત્યારબાદ પહેલી વખત ગચ્છાધિપતિ પદવી મળ્યા બાદ સાંધાણ તીર્થે તા.૧૪ ફેબ્રુઆરી મંગળવાર બપોરે ૩ કલાકે શિષ્ય ગણ સાથે પ્રવેશ કરશે. રાત્રિ રોકાણ પણ સાંધાણ તીર્થે છે. સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક પરમ આચાર્ય ભગવંત મ.સા.ની પધરામણી પ્રસંગે ગુરૂ ભગવંતોને વંદન કરવા બહોળી સંખ્યામાં પધારવા સર્વે સંઘોને સાજન મહાજન અંગે પધારવા સાંધાણ મહાજનના પદાધિકારીઓ તથા ટ્રસ્ટીગણ તરફથી વિનમ્ર આમંત્રણ છે. ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.

## પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૧૯મા વર્ષમાં પ્રવેશ કર્યું



મહાવદ ૨ વિક્રમ સંવત ૨૦૬૧ તિથિ દિને નલિયાના માવિત્ર વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના ધર્મ સંસ્કાર ગુણિયલ પુત્રી ઘાટકોપર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે સંયમ જીવન પંથે વિચરણ કરવા દીક્ષા સ્વીકારી. ગુરૂ પ.પૂ.સાધ્વી શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ. પ.પૂ. સાધ્વીશ્રી નવકાર ગુણાશ્રીજી મ.સા. તરીકેની ઓળખ પામ્યા.

વિ.સં.૨૦૭૯ મહાવદ ૨ તિથિ દિને સંયમ જીવન પંથ વિચરણના ૧૮ વર્ષ પૂર્ણ કરી ૧૯મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો ત્યારે સૌને હૈયે એ ભાવ છે કે પૂજ્ય સાહેબ ધર્મ, તપ, આરાધના કરતા રજત વર્ષ સુવર્ણ વર્ષ પાર કરી હીરક અને શતક વર્ષના શિખિરે બિરાજે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**તારાચંદ શીઆલ**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૭૩)
જખૌ-માલેગામ



**વિજયાબેન સાયલા**
તા. ૫ ફેબ્રુઆરી (ઉ.૬૯)
તેરા-મુલુંડ



**વિશાખા મોમાયા**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૬૮)
વરાડીયા-ગોરેગામ



**કાંતીલાલ ધુલ્લા**
તા.૧૧ ફેબ્રુઆરી (ઉ.૬૪)
દલતુંગી-હૈદ્રાબાદ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**





# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● આ વર્ષે સારા વરસાદના પગલ ખેતીને તો ફાયદો થયો છે. પરંતુ પશુપાલન વ્યવસાયમાં પણ પ્રાણ પુરાયા છે. સીમતળમાં ઘાસ અને પાણી મળતાં દૂધાળા પશુઓમાં દૂધનું પ્રમાણ વધતાં પશુપાલન વ્યવસાય ફરી બેઠું થયું છે. પશુપાલન વ્યવસાય ક્ષેત્રે અબડાસા તાલુકાના પંદર હજાર જેટલા લોકો રોજગારી મેળવે છે. અબડાસા તાલુકાના ૧૫૦ ગામમાં દૈનિક દૂધની ખપત ૧.૬૫ લાખ લિટર છે. ૩૦૦ થી વધુ ફેરિયાઓ ઘેર ઘેર ગામડાઓમાં પ્રતિ લિટરે રૂા.૫૦ થી ૬૦ના દરે દૂધનું વેચાણ કરે છે. તો માહી ડેરીનું ક્લેકશન સેન્ટર નલિયા અને કનક ૫૨ ખાતે આવેલ છે. જેમાં હાલે દૈનિક ૧૩ હજાર લીટર દૂધ અને અમૂલ સંલગ્ન સરહદ ડેરીમાં ૩૦ હજાર લિટર દૂધ એકત્રિત કરાય છે. આ ૬ દૂધ મંડવીઓ સાથે ૫૨૦૦ જેટલા માલધારીઓ સંકળાયેલા છે. અબડાસા તાલુકામાં ૬૫૭૯૨ ગાય, ૩૩૬૬૮ ભેંસ, ૯૬૮૭૧ ઘેટાં, ૫૮૩૮૫ બકરીઓ છે.

● વિકલાંગ જીવન વિકાસ મંડળ નાની ખાખર અને નેત્રહીન ચેસ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય નેત્રહીન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરના સાંઈઠ જેટલા નેત્રહીન ખેલાડીઓએ ભાગ લીધો હતો. એકથી દસ નંબરના વિજેતાઓને રોકડ રકમરૂપે ઈનામ આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ નેત્રહીન ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી કોલેજ બેગ તેમજ ગરમ શાલ ઈનામ રૂપે આપવામાં આવી હતી.

● કચ્છ પ્રવાસી સંઘના પ્રતિનિધિ મંડળએ પશ્ચિમ રેલવેના નવ નિયુક્ત જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા સમક્ષ કચ્છ એક્સપ્રેસ અને સયાજી નગરી એક્સપ્રેસમાંથી સુપર ફાસ્ટ એક્સપ્રેસના લેબલ દૂર કરવા અથવા સ્ટોપ ઘટાડવાની માંગણી કરી હતી. કચ્છ મુંબઈનું અંતર ૮૩૯ કિ.મી. છે. સયાજી નગરી ટ્રેન ૨૮ સ્ટોપ લે છે. સંસ્થાએ આવેદન પત્રમાં જણાવ્યું છે કે બંને ટ્રેનમાં સ્ટોપ ઓછા કરવામાં આવે અથવા સુપર ફાસ્ટનું લેબલ કાઢી નાખવામાં આવે જેથી ટિકિટનો દર ઓછો થાય.

● માંડવીના લક્ષ્મણભાઈ બાબુલાલ પારિયા-મહેશ્વરી અને તાલુકાના ગ્રામીણ ક્ષેત્ર તલવાણાના રઘુવીર સિંહ મહાવીર સિંહ જાડેજા દિવ્યાંગતાને માત આપી કાયદા શિક્ષણની ડિગ્રી મેળવી વકીલ વ્યવસાય અપનાવ્યો છે. બંન્ને યુવા વકીલની તમન્ના નોટરી બનવાની સાથો સાથ સરકારી વકીલ બનવાની છે.

● તા.૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના દિને વિનાશકારી ભૂકંપમાં અંજારની શાળાના બાળકોએ રેલી કાઢી હતી એ દરમ્યાન ભૂકંપ આવતાં દીવાલની નીચે ૧૮૫ બાળકો અને ૨૦ શિક્ષકો દબાઈ મૃત્યુ પામ્યાં હતા. તેમની સ્મૃતિમાં હાલમાં ખૂલ્લું મુકાયેલું વીડી ચાર રસ્તા વિસ્તારમાં ૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ વીર બાળ ભૂમિની ડીઝાઈનને રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારની જાહેરાત કરાઈ છે. સમગ્ર આ પ્રોજેક્ટમાં કથનાત્મક, પેવર્સ, આઉટડોર, ઈન્સ્ટોલેશન ફિલ્મો અને શિલ્પ વિગેરેના વર્ણન સરળ અને આકર્ષક સ્વરૂપમાં બનાવવામાં આવ્યા છે. જેના આયોજનને ૧૨મી સી.આઈ.આઈ.ડીઝાઈન એકસેલેન્સ એવોર્ડ જાહેર કરાયો છે.

● રેલવે બોર્ડ દ્વારા વેસ્ટર્ન રેલવેના ભુજ નલિયા સેક્શન સાથે નવી બ્રોડગેજ લાઈનનું વાયોર સુધી લઈ જવા મંજૂરી મળી ગઈ છે. જેનું બાંધકામ ચાલુ છે જ્યારે વાયોર કોટેશ્વર લખપત બ્રોડગેજ લાઈનનો સર્વે પૂરો થઈ ગયો છે. આમ કચ્છમાં લખપત સુધી રેલવે સેવા આગામી સમયમાં પહોંચી જશે.

● વર્ષ ૨૦૧૭ માટે હેન્ડીક્રાફ્ટ ક્ષેત્રે જાહેર થયેલ નેશનલ એવોર્ડ ભુજના ખત્રી નસરીનબેન ફયાઝ અને ખત્રી નુરબાનું મહંમદને શિલ્પગુરૂ એવોર્ડ વિજ્ઞાન ભવન દિલ્હી ખાતે ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખડના હાથે એનાયત કરાયો. સન્માનમાં ગોલ્ડ મેડલ, તામ્રપત્ર સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર અપાયા હતા.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)